E mail - prdpraval@yahoo.co.uk
www.janfariyadnews.com
RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) दैनिक
*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)
* Volume : 10 * Issue No. 317 * Date: 07.09.2024,Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## ભાગવતે મણિપુર પર કહ્યું- અહીં સુરક્ષાની કોઈ ગેરંટી નથી : તેમ છતાં અમારા કાર્યકરો અડગ





રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ના વડા મોહન ભાગવતે ગુરુવારે (૫ સપ્ટેમ્બર) જણાવ્યું હતું કે, મણિપુરમાં સ્થિતિ હજુ પણ મુશ્કેલ છે. સ્થાનિક લોકો તેમની સુરક્ષાને લઈને ચિંતિત છે. જે લોકો ત્યાં વેપાર કે સામાજિક સેવા માટે જાય છે તેમના માટે વાતાવરણ વધુ પડકારજનક છે.તેમણે કહ્યું- આ બધું હોવા છતાં, સંઘ કાર્યકર્તાઓ બંને જૂથો (કુકી અને મૈતેઈ)ને મદદ કરવા અને વાતાવરણને સામાન્ય બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. કાર્યકરો ન તો ત્યાંથી ભાગ્યા કે ન તો બેઠા રહ્યા. તેઓ જીવનને સામાન્ય બનાવવા, ગુસ્સો ઘટાડવા અને રાષ્ટ્રીય એકતાની લાગણી વધારવા માટે કામ કરી રહ્યા છે.ભાગવતે કહ્યું- મણિપુરમાં સુરક્ષાની કોઈ ગેરંટી નથી મોહન ભાગવતે પૂણેમાં શંકર દિનકર કાનેની ૧૦૦મી જન્મજયંતિ પર એક કાર્યક્રમમાં હાજરી આપી હતી. અહીં તેમણે લગભગ ૫ કલાકનું ભાષણ આપ્યું હતું. ભાગવતે કહ્યું- શંકર દિનકર ૧૯૭૧ સુધી મણિપુરમાં બાળકોને શિક્ષિત કરવાના અભિયાનમાં રોકાયેલા હતા. તમામ પડકારો અને સુરક્ષાની કોઈ ગેરંટી હોવા છતાં, સંગઠનના કાર્યકરો સંઘર્ષગ્રસ્ત ઉત્તર-પૂર્વીય રાજ્ય મણિપુરમાં અડગ ઊભા છે.ભાગવતે કહ્યું-દ્વર્ઈ બધું સંભાળી શકે નહીં ભાગવતે કહ્યું- દ્વર્ઈ મણિપુરમાં બધું સંભાળી શકે નહી. યુનિયન પરિસ્થિતિ સુધારવા માટે તમામ શક્ય પ્રયાસો કરી રહ્યું છે. સંઘ તમામ પક્ષો સાથે વાત કરી રહ્યું છે. સ્વયંસેવકોએ લોકોનો વિશ્વાસ મેળવ્યો છે. સ્થાનિક લોકોએ વર્ષોથી સંઘનું કામ જોયું છે, તેથી તેઓને તેમાં વિશ્વાસ છે.ભારતનું સપનું પૂરું કરવામાં બે પેઢીનો સમય લાગશે ભાગવતે કહ્યું- લગભગ ૪૦ વર્ષ પહેલા અહીં (મણિપુર) સ્થિતિ વધુ ખરાબ હતી. આ હોવા છતાં, લોકો રહ્યા, કામ કર્યું અને પરિસ્થિતિને બદલવામાં મદદ કરી. સંઘના સ્વયંસેવકો અને પ્રચારકો સતત મણિપુરની મુલાકાત લઈ રહ્યા છે. તેમણે વિસ્તારનો એક ભાગ બનીને પરિવર્તન લાવવાનું કામ કર્યું.ભારત વિશે જે સપનું જોવામાં આવ્યું છે તેને સાકાર કરવામાં હજુ બે પેઢીનો સમય લાગશે. રસ્તામાં આપણે એવા લોકો તરફથી અવરોધોનો સામનો કરીશું જેઓ ભારતના ઉદયની ઈર્ષ્યા કરે છે. આપણે આ અવરોધોને દૂર કરીને આગળ વધવું જોઈએ.

કેન્દ્ર સરકારે પ્રથમ વખત મણિપુરમાં એન્ટી ડ્રોન મીડિયમ મશીન ગનના ઉપયોગને મંજૂરી આપી છે. ૧-૩ સપ્ટેમ્બર વચ્ચે રાજ્યમાં બે ડ્રોન હુમલા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે.આતંકવાદીઓએ ૩ સપ્ટેમ્બરની સાંજે મણિપુરના ઈમ્ફાલ જિલ્લાના સેજમ ચિરાંગ ગામમાં ડ્રોન હુમલો કર્યો હતો.

## સોખડાના સાધુના આપઘાતની હકિકત છુપાવનાર ૫ સાધુ વિરુદ્ધ ફરિયાદ, પુરાવા કર્યા હતા સગેવગે

અવાર-નવાર વિવાદોને કારણે ચર્ચામાં રહેનાર સોખડા સ્વામિનારાયણ મંદિર ખાતે સાધુ તરીકે સેવા આપતા ગુણાતીત ચરણદાસ સ્વામીએ ગત ૨૭-૪-૨૦૨૨ ના રોજ પોતાના રૂમમાં ફાંસો ખાઈને આત્મહત્યા કરી હતી. પરંતુ સાધુ ત્યાગ વલ્લભ સ્વામી સહિત ૫ લોકોએ તેમનું મોત કુદરતી રીતે થયું છે, એવું કથન કરી પોલીસને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કર્યો હતો. જેથી આ મામલે મંજુસર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે.



પ્રાપ્ત માહિતી અનુસાર વર્ષ ૨૦૨૨ માં સોખડા સ્વામિનારાયણ મંદિર ખાતે સાધુ તરીકે સેવા આપતા ગુણાતીત ચરણદાસ સ્વામીએ ફાંસો ખાઈને આત્મહત્યા કરી હતી. આ વાત (૧) કિશોર નારાયણભાઈ ત્રાંગડીયા (રહેવાસી વંથલી જુનાગઢ) (૨) સાધુ હરી પ્રકાશદાસ ગુરુ હરી પ્રસાદદાસજી (રહેવાસી યોગી આશ્રમ સોખડા) (૩) સાધુ પ્રભુ પ્રિયદાસ ગુરુ હરીપ્રસાદ દાસજી (રહેવાથી સોખડા) (૪) સાધુ જ્ઞાન સ્વરૂપ ગુરુ હરીપ્રસાદજી (રહેવાસી યોગી આશ્રમ ચોપડા) તથા (૫) સાધુ ત્યાગ વલ્લભદાસ સ્વામી ગુરુ હરીપ્રસાદ સ્વામી રહેવાસી યોગી (આશ્રમ સોખડા) જાણતા હતા પરંતુ તેમને હકિકત છુપાવી હતી.

આ ઉપરાંત ફાંસાને લગતા પુરાવાઓ જેવા કે હુક તથા ગાતડ્યું (પીળાં કલરના વસ્ત્ર) સગેવગે કરી દીધા હતા અને અને તેમનું મોત કુદરતી રીતે થયું છે, એવું કથન કરી પોલીસને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કર્યો હતો.

આ અંગે મંજુસર પોલીસે (૧) કિશોર નારાયણભાઈ ત્રાંગડીયા રહેવાસી વંથલી જુનાગઢ (૨) સાધુ હરી પ્રકાશદાસ ગુરુ હરીપ્રસાદદાસજી રહેવાસી યોગી આશ્રમ સોખડા (૩) સાધુ પ્રભુ પ્રિયદાસ ગુરુ હરીપ્રસાદ દાસજી રહેવાથી સોખડા તથા (૪) સાધુ જ્ઞાન સ્વરૂપ ગુરુ હરીપ્રસાદજી રહેવાસી યોગી આશ્રમ ચોપડા તથા (૫) સાધુ ત્યાગ વલ્લભદાસ સ્વામી ગુરુ હરીપ્રસાદ સ્વામી રહેવાસી યોગી આશ્રમ સોખડા સામે એન.સી ફરિયાદ નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### વિનેશ-બજરંગ હવે રાજકારણમાં દાવ લગાડશે

## બન્ને રેસલર્સે કોંગ્રેસ સાથે 'હાથ' મિલાવ્યો; અગાઉ પોલિટિક્સમાં એન્ટ્રી કરતાં પહેલાં નોકરીમાંથી રાજીનામું આપ્યું હતું

રેસલર વિનેશ ફોગાટ અને બજરંગ પુનિયા શુક્રવારે સત્તાવાર રીતે કોંગ્રેસ પાર્ટીમાં જોડાયા છે. પાર્ટીમાં જોડાતા પહેલાં બંને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના ઘરે પહોંચ્યા હતા. પાર્ટીના મહાસચિવ કેસી વેણુગોપાલ પણ ખડગેના ઘરે હાજર હતા.કોંગ્રેસમાં જોડાયા બાદ વિનેશ અને બજરંગ હવે કુસ્તીના અખાડામાંથી રાજકીય મેદાનમાં જોવા મળશે. બંને ખેલાડીઓ હરિયાણા વિધાનસભા ચૂંટણી પહેલા કોંગ્રેસમાં જોડાયા છે.આ પહેલાં વિનેશ અને બજરંગે તેમની રેલવેની નોકરી છોડી દીધી હતી. બંને 'જીઠ્ઠ સ્પોર્ટસની પોસ્ટ પર હતા. વિનેશે સોશિયલ મીડિયા (ઠ) પર લખ્યું, 'ભારતીય રેલવેની સેવા મારા જીવનનો યાદગાર અને ગૌરવપૂર્ણ સમય રહ્યો છે. મારા જીવનના આ તબક્કે મેં રેલવે સેવામાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય કર્યો છે. મને રેલવેમાં જે તક મળી તે માટે હું હંમેશા ભારતીય રેલવે પરિવારનો આભારી રહીશ.'

સાક્ષી મલિકે કહ્યું- અમારે ત્યાગ કરવો પડશે વિનેશ ફોગટના કોંગ્રેસમાં જોડાવા અંગે સાક્ષી મલિકે કહ્યું, ×આ તેમનો અંગત નિર્ણય છે. અમારે ક્યાંક બલિદાન આપવું પડશે. બાકી અમારા આંદોલનને ખોટો આકાર ન આપવો જોઈએ. હું હજુ પણ તેના પર અડગ છું. મારી પાસે પણ ઑફર આવી છે, પરંતુ હું જેની પણ સાથે જોડાયેલી છું તેને અંત સુધી લઈ જવાનો નિરધાર કર્યો હતો, જ્યાં સુધી બહેનો અને દીકરીઓનું શોષણ સમાપ્ત ન થાય ત્યાં સુધી મારી લડત ચાલુ રહેશે.×

જુલાણા સીટ પરથી વિનેશની ટિકિટ ફિક્સ વિનેશ ફોગાટ વિધાનસભા ચૂંટણી લડશે. જીંદ જિલ્લાની જુલાના સીટ પરથી વિનેશની ટિકિટ ફિક્સ માનવામાં આવે છે. જોકે, ભાજપે અહીંથી વિનેશની પિતરાઈ બહેન બબીતા ??ફોગટને ટિકિટ આપી નથી. આવી સ્થિતિમાં હવે વિનેશ માટે દાદરી સીટનો વિકલ્પ પણ ખુલ્લો છે. કોંગ્રેસના સૂત્રોનું કહેવું છે કે વિનેશ ૧૧ સપ્ટેમ્બરે ઉમેદવારી નોંધાવશે.



બજરંગ પુનિયાને સ્ટાર પ્રચારકની જવાબદારી મળી શકે છે. બજરંગ ઝજ્જરની બદલી સીટ માગી રહ્યો હતો. કોંગ્રેસે અહીંથી વર્તમાન ધારાસભ્ય કુલદીપ વત્સની ટિકિટ રદ કરવાનો ઇનકાર કર્યો હતો. બજરંગને પણ સંગઠનમાં પોસ્ટ આપવામાં આવી શકે છે. તે સમગ્ર હરિયાણામાં પ્રચાર કરશે.

## મુંબઈમાં ૧૪ માળની ઈમારતમાં આગ,૫ કલાકની જહેમત બાદ આગ ઓલવાઈ

મુંબઈના લોઅર પરેલ વિસ્તારમાં કમલા મિલ્સ કમ્પાઉન્ડમાં સ્થિત ૧૪ માળની ટાઈમ્સ ટાવર બિલ્ડિંગમાં આગ લાગી હતી. આ ઘટના શુક્રવારે સવારે ૬.૩૦ વાગ્યે બની હતી. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ૯ ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. લગભગ ૫ કલાકની મહેનત બાદ સવારે ૧૧.૫૫ કલાકે આગ પર કાબુ મેળવ્યો હતો.પાલિકાના અધિકારીઓએ જણાવ્યું હતું કે આ અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ નથી. પહેલા એવું કહેવામાં આવી રહ્યું હતું કે આ ઈમારત સાત



માળની છે. બાદમાં જણાવવામાં આવ્યું હતું કે આ બિલ્ડીગમાં ૧૪ માળની આગ બુઝાવવાની કામગીરી ચાલી રહી છે.ફાયર ફાઈટરો હથોડી અને છીણી વડે તાળું તોડી અંદર ગયા હતા અધિકારીએ જણાવ્યું હતું કે આગ ત્રીજા અને સાતમા માળની વચ્ચે બિલ્ડિંગના પાછળના ભાગમાં ઈલેક્ટ્રિક ડક્ટ સુધી મર્યાદિત હતી. બિલ્ડિંગના મુખ્ય દરવાજાને બહારથી તાળું મારી દેવામાં આવ્યું હતું. ફાયર બ્રિગેડના જવાનોએ તેને તોડવા માટે છીણી અને હથોડીનો ઉપયોગ કર્યો હતો. આ પછી તેઓ અંદર ગયા.કમલા મિલ્સ પાર્કસાઇડ રેસિડેન્શિયલ બિલ્ડિંગની બાજુમાં આવેલી છે. પાર્કસાઇડ બિલ્ડીગમાં રહેતા લોકોએ જણાવ્યું કે તેઓએ તેમના ઘરોમાંથી જ્વાળાઓ અને ધુમાડા નીકળતા જોયા છે. એ દશ્ય તેમના માટે ભયાનક હતું.લોકોના જણાવ્યા અનુસાર, ફાયર ફાઈટર આવે તે પહેલા તેમના સુરક્ષા કર્મચારીઓએ ઈમારતમાં લગાવેલા ફાયર ઈક્વિપમેન્ટથી આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. બિલ્ડીગની ઈમરજન્સી ટીમે પણ આજે આગ ઓલવવા માટે હોઝ પાઈપનો ઉપયોગ કર્યો હતો.

૨૦૧૭માં કમલા મિલ્સમાં પણ આગ લાગી હતી, જેમાં ૧૪ લોકોના મોત થયા હતા કમલા મિલ્સ મુંબઈમાં કોમર્શિયલ કોમ્પ્લેક્સ છે. તેમાં ઘણી મોટી રેસ્ટોરાં, પબ, ટીવી ન્યૂઝ ચેનલો અને કંપનીઓની ઓફિસ છે.

## ભુખી કાંસનો સર્વે કરી એક્શન પ્લાન બનાવવામાં આવે: મીની નદીમાં ડાયવર્ઝન કરવામાં આવે

તાજેતરમાં વડોદરામાં આવેલા વિનાશક પૂર મામલે ગતરોજ પાલિકાની સામાન્ય સભામાં વોર્ડ નંબર ૨ના કોર્પોરેટર અને પાણી પુરવઠા વિભાગના અધ્યક્ષ મહાવીરસિંહ રાજપુરોહિતે રજૂઆત કરી હતી કે, અમારા વિસ્તારમાં સીધેસીધા પાણી મંજુસર સીસવાથી લઈને છાણી થઈને પ્રવેશે છે. તેથી મારી માંગ છે કે, ભૂખી કાંસનું યોગ્ય સર્વે થાય, એક્શન પ્લાન બનાવવા સાથે યોગ્ય કામગીરી કરવામાં આવે. સિસવાથી આવતા પાણી શહેરમાં પ્રવેશે તેના કરતા મીની નદી મારફતે સીધા મહીસાગર નદીમાં ડાયવર્ટ કરવામાં આવે તો અમારા વિસ્તારમાં વરસાદી પાણીના પ્રશ્નનો કાયમી નિકાલ થાય તેમ છે. અમારા વોર્ડમાં બે, ચાર કામ ઓછા થશે તો ચાલશે પરંતુ વર્ષોથી જે વરસાદી પાણીનો ગંભીર પ્રશ્ન છે તેનો કાયમી નિકાલ લાવવો જોઈએ.કોર્પોરેશનની સામાન્ય સભામાં વોર્ડ નંબર ૨ના કોર્પોરેટર મહાવીર રાજપુરોહિતે રજૂઆત કરતા જણાવ્યું હતું કે, અમારા વિસ્તારે વર્ષ ૨૦૦૫, ૨૦૧૪, ૨૦૧૯ અને છેલ્લે ૨૦૨૪માં આ વખતે ભયાનક પુર જોયું. અમારા વિસ્તારના લોકોની અપાર વેદના હું રજૂ કરું તો વોર્ડ નંબર ૨ અંતર્ગત આવતા તમામ વિસ્તારમાં કેડ સમા પાણી હતા. અમારા વિસ્તારમાં જે પાણી આવે છે તે શહેરના છેવાડે ઉત્તર ભાગમાં આવેલ મંજુસર સિસવાથી આવે છે. તે પાણી અહીં છાણી તરફથી આવી સંતોક નગર, નટરાજ ટોકીઝથી કાલાઘોડા થઈ ભૂખિ કાસમાં જતું રહેતું હોય છે. પરંતુ બીજી તરફ જ્યારે વડોદરામાંથી પસાર થતી વિશ્વામિત્રી નદીના આજવાના ઉપરવાસમાં ખૂબ વરસાદ હોય તો અમારે ત્યાં પાણી નિકાલની ગંભીર પરિસ્થિતિ ઉદ્ભવતી હોય છે. ભૂખી કાસનું છાણીથી પાણી સમા તરફ આવે ત્યાં દસ ફૂટના બે કન્વર્ટ મુકવામાં આવ્યા છે અને તે પછી નર્મદા કેનાલ પાસે એક મીટરનો પાઈપ મુકેલ છે એના માધ્યમ દ્વારા આ તમામ વરસાદી પાણી અમારા વિસ્તારમાં આવે છે. એકતા નગર પાસે સાત મીટરનું વહેણ છે જે પછી આગળ આવતા સાંકડું થવા લાગે છે. નિઝામપુરા ટ્રાન્સપોર્ટ હબ પાસે પાંચ મીટરનો કાસ બનાવ્યો છે જે એચડીએફસી બેન્ક પાસે ટર્ન લે છે ત્યારે સાડા ત્રણ મીટરનો થઈ સાંકડો થઈ જાય છે. ત્યાર પછી આગળ સૂર્ય પેલેસ પાસે પણ કાંસ સાંકડો થાય છે. એના કારણે પાણીનો ઝડપથી નિકાલ થઈ શકતો નથી. કાંસ વધુમાં વધુ ચાર મીટરનો છે પરંતુ હકીકતમાં તે સાંકડો થઈ જતા જળ પ્રવાહ ૩ મીટર જ વહી શકે છે. આથી મોટાભાગનું પાણીનું વહેણ વારંવાર રોકાઈ જાય છે. એના કારણે ચોમાસામાં અમારા વિસ્તારમાં આવેલ અભિલાષાથી ચાણક્યપુરીનો માર્ગ વારંવાર બંધ થઈ જાય છે. ઉપરાંત સમા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, ભગીરથ સોસાયટી, અંબિકા સોસાયટી, એકતાનગર, શુભલક્ષ્મી, સરસ્વતી, આકાશગંગા ઉપરાંત ઉત્તર ઝોનની મામલતદાર કચેરી અને સમા ગામમાં પાણી નિકાલની ગંભીર સમસ્યા ઊભી થઈ હતી.

## તંત્રી લેખ.....

# પત્નીના નામે ઘર ખરીદવાથી થઈ શકે છે ફાયદો

દરેક વ્યક્તિનું પોતાની માલિકીનું ઘર ખરીદવાનું સપનું હોય છે. જો કે, ઘરની કિંમત ઉપરાંત અને ઘણી બાબતો માટે ખર્ચ કરવો પડતો હોય છે. જો તમે પરિણિત છો, અને ઘર લેવાનું વિચારી રહ્યા છો, તો આ સમાચાર તમારા માટે છે. અહીં દર્શાવવામાં આવેલી ટીપ્સ અનુસરવાથી તમે ખર્ચના બોજો વિના સરળતાથી ઘર ખરીદી શકો છો.ઘર ખરીદવા માટે પુરૂષ કરતાં મહિલાને સરકાર અનેક લાભો અને રાહતો આપી રહી છે. મહિલાઓ માટે પ્રોપર્ટી ખરીદવા સંબંધિત અલગથી નિયમો બનાવાયા છે. જેથી જો તમે ઘર ખરીદવાની યોજના બનાવી રહ્યા હોવ તો તમારા ઘરની મહિલાના નામે આ યોજના સફળ બનાવી શકો છો. ભારતમાં મહિલાઓને પ્રાથમિકતા આપવાના ભાગરૂપે હોમ લોનમાં છૂટ આપવામાં આવે છે. મહિલાઓને બેન્કો ખાસ ઓછા વ્યાજે હોમ લોન ઓફર કરતી હોય છે. જેથી હોમ લોન સસ્તી અને સરળ પડે છે. બેન્કો ઉપરાંત હાઉસિંગ ફાઈનાન્સ કંપનીઓ પણ મહિલાઓને ઓછા વ્યાજે લોન ઓફર કરે છે.

મહિલાઓને સ્ટેમ્પ ડ્યુટીમાં છૂટ મળે છે. જો કે, રાજ્યવાર સ્ટેમ્પ ડ્યુટીનો ચાર્જ જુદો-જુદો હોય છે. ઘરના દસ્તાવેજ તૈયાર કરાવતી વખતે ચૂકવવામાં આવતી નિર્ધારિત દરે સ્ટેમ્પ ડ્યુટી ચૂકવાય છે.

# જાતે થે જાપાન, પહુંચ ગયે ચીન જેવી હાલત થઇ!!!

આ દેશના ઉધમીને સલામ કરવી પડે.એના હુન્નરને બિરદાવવો જ રહ્યો .આવા સાહસિકો સમગ્ર રાષ્ટ્ર માટે પ્રેરણારૂપ છે. અંધારામાં ટોર્ચ છે. લોકો માટે લાઈટ હાઉસ છે. એ લોકો લઘુ, કુટિર, એસએમઈ હોય છે.

આ સાહસિકો સ્કૂલનું ભણતર પૂરું કર્યું ન હોય. પણ જીવનની પાઠશાળામાંથી વિધાવાચસ્પતિ એટલે કે પીએચડી થયેલ હોય છે. એ બંદો ઝારખંડના ઝાડ નીચે બેઠો હોય. અંગ્રેજીની એબીસીડી જાણતો ન હોય.પણ સ્વબળે, હુન્નરથી અમેરિકનોને શરમાવે તેવા શાસ્ત્રીય અમેરિકન એસેન્ટવાળું અંગ્રેજી બોલે છે. સામેના છેડે અસલી અમેરિકનને ખબર ન હોય. અમેરિકન સમજે કે તેને ઈન્કમટેકસ કે મ્યુનિસિપાલિટીમાંથી ટેકસ પે કરવા કોલ આવેલ છે અને પેલો બોકડો મુંડાઇ જાય. પેલા સાહસિકના ખાતામાં ડોલર જમા થઈ જાય!!

આ પ્રકારના મહાન સાહસિકો ઉંમરલાયક વ્યકિતને નો યોર કસ્ટમર- કેવાયસી અપડેટ કરવામાં નામે ઓટીપી આપવા મધ જેવા મીઠા અવાજે વિનંતી કરે છે. જેવો ઓટીપી શેર કરે કે બેંક ખાતું પાણીના નળની જેમ ટપકવા માંડે છે!!

આ સાહસિકો દસ્તાવેજો બનાવવામાં માહિર હો છે. તમે કહો કે સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ. એ કહેશે કે ડન. અલબત,પેમેન્ટ કરવું પડશે. તમે કહો કે ડિગ્રીસર્ટિફિકેટ. એ કહેશેકે નો પ્રોબ્લેમ. પછી ભલે તમે કોલેજના પગથિયા ચડ્યા ન હો!!

નોટબંધી પછી રિઝર્વ બેંકે ૧૭ સિકયોરિટી ફિચર ધરાવતી ચલણી નોટો બહાર પાડેલી.?કેટલાક મિડીયા કર્મીને તેમાં ચિપ લગાવેલું તેવું શાલ્મલીના વૃક્ષ નીચે આસનસ્થ થતાં બુધ્ધું જ્ઞાન થયેલું . બધાને બોધિજ્ઞાન થોડું ઉપલબ્ધ થાય છે??બુધ્ધું તો બુધ્ધું. મામા ન હોવા કરતાં કહેણો મામો શું ખોટો? આપણા જન્મજાત ઈન્ટેલિજન્ટેએ ચણા મમરાના રોકાણમાં સોનાચાંદીની ખાણ ખોદી હોય તેમ પચ્ચીસ રૂપિયાના રોકાણમાં અસલી નોટોને ટક્કર મારે તેની પાંચસો, બે હજારની નકલી નોટ છાપી નાંખી. અસલી નોટના ૧૭ માંથી ૧૧ સિકયુરિટી ફિચર પણ જાળવી રાખ્યા. નકલી નોટમાં પણ ઉચ્ચ ગુણવતાના ધોરણોનું સંરક્ષણ, સંવર્ધન અને સંગોપન કર્યું. ધન્ય એ ધરાને. ધન્ય એ નરપુંગવને. આ એક પ્રકારનું સ્ટાર્ટઅપ કે ઈનોવેશન છે!! છતાં તેને કોઈ શાબાશી મળતી નથી. કોઈ પીઠ થાબડતું નથી. આ કારીગરો તમે જે નામ બોલો તેનો ફેક ડોકયુમેન્ટ બનાવી દે . પાસપોર્ટ, વિઝા, એલસી, બોર્ડ માર્કશીટ, પ્રમાણપત્ર, નોકરીનો ઓર્ડર ઈત્યાદિ ડોકયુમેન્ટ હાજરમાં મળે અને હાજર ન હોય તો પણ મળે. આ બધી સેવાઓ પેમેન્ટના ધોરણે મળે!! મફતમાં તો લંચ પણ ન મળે તેવી અંગ્રેજી કહેવત છે!!જીવતા માણસનું ડેથ સર્ટિફિકેટ પણ મળે હોં કે!કાગળ પર મરવાનો લ્હાવો લેવો છે??

હમણા જબરૂં થયું .એક વિરલાએ એક એરલાઈન્સની ટિકિટ બનાવી-જાલી ટિકિટ!!વીર ટિકિટવાળાને દોહા જવું હતું. અમદાવાદ એરપોર્ટથી બૉર્ડિંગ કરવું હતું. તેનું સિકયોરિટી ચેકીંગ થયું. તેની ટિકિટ પર પીએનઆર નંબર દર્શાવેલો .આ ચીનના શાહુકારની ટિકિટ બુક થયેલી જ ન હતી . કડક પૂછપરછના અંતે તે નરમ ઘેંસ જેવો થઈ ગયો!!

કિશોરકુમારે એક ગીત ગાયેલ છે. જાતે થે જાપાન, પહુંચ ગયે ચીન'ની જેમ બિચારો આશાસ્પદ કરાંગુલી કલાકાર દોહાના બદલે સાબરમતી જેલમાં પહોંચી ગયો!

ભરત વૈષ્ણવ

# ગાંધીનગર પોલીસ ભવન ખાતે નવનિર્મિત આધુનિક જીમ, ઘોડિયાઘર તેમજ બે કોન્ફરન્સ હોલનું નિવૃત્ત અધિકારીઓના હસ્તે નામાંકન કરાયું







ગુજરાત પોલીસ દ્વારા શિક્ષક દિન નિમિત્તે એક અનોખા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જે પોલીસ અધિકારીઓએ પોતાની આખી જિંદગી ગુજરાત પોલીસ સેવામાં વિતાવી છે અને અનેક નવીન પરિવર્તનો હાથ ધરી ગુજરાત પોલીસના ગૌરવમાં વધારો કર્યો છે, તેવા ડીજીપી અને એડીજીપી સહિતની રેન્કના નિવૃત્ત પોલીસ અધિકારીઓને એક મંચ પર એકત્રિત કરી તમામ અધિકારીઓનું આદરપૂર્વક સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ નવનિર્મિત આધુનિક જીમ, ઘોડિયાઘર તેમજ બે કોન્ફરન્સ હોલનું નિવૃત્ત અધિકારીઓના હસ્તે નામાંકન કરવામાં પણ આવ્યું હતું.રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં ૪૦થી વધુ નિવૃત્ત ઉચ્ચ પોલીસ અધિકારીઓ તેમના પરિવાર સાથે ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે જણાવ્યું હતું કે, દેશ અને રાજ્ય માટે જે સમર્પિત ભાવથી આપ સૌ નિવૃત્ત અધિકારીશ્રીઓએ સેવા આપી છે તેનો આદર અને સન્માન કરવું એ માત્ર કર્તવ્ય જ નહિ અમારી ફરજ પણ છે. પરિવારની ભાવના આપણા પોલીસ ખાતામાં વિશેષરૂપે જોવા મળે છે, એટલે જ 'પોલીસ પરિવાર' શબ્દ ખાસ સંભાળવા મળે છે.આ પ્રસંગે પોલીસ ભવન ખાતે ફરજ બજાવતા અધિકારી-કર્મચારીઓની સુવિધા માટે અંદાજે રૂ. ૭.૪૦કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલા આધુનિક જીમ, ઘોડિયાઘર તેમજ બે કોન્ફરન્સ હોલનું પણ નિવૃત્ત અધિકારીશ્રીઓ તેવા ગુરુજનોના હસ્તે નામાંકન કરવામાં આવ્યું હતું. આ વિશેષ સન્માન સમારોહ પ્રસંગે રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે સૌ આમંત્રિત મહાનુભાવોનું સ્વાગત પ્લાન્ટ અને મોમેન્ટો આપીને કર્યું હતું.

આ પ્રકારના કાર્યક્રમનું આયોજન સૌ પ્રથમ વખત થયું હોવાના ભાવ સાથે સૌ આમંત્રિત નિવૃત્ત અધિકારીઓ દ્વારા આ આયોજનની પ્રશંસા કરી હતી અને પોતાના લાગણીસભર પ્રતિભાવો પણ વ્યક્ત કર્યા હતા. આ પ્રસંગે જેલ ડીજીપી કે.એલ.એન રાવે સ્વાગત પ્રવચન કર્યું હતું અને આર્મ્સ યુનિટ એડીજીપી રાજુ ભાર્ગવે સૌ આમંત્રિતોનો આભાર વ્યક્ત કર્યો હતો.આ સમારોહમાં નિવૃત્ત ડીજીપી પી.કે.બંસલ, પી.સી. પાન્ડેય, એસ.એસ. ખંડવાવાલા, પ્રમોદ કુમાર, પી.પી. પાન્ડેય, ગીથા જોહરી, શિવાનંદ ઝા, એ.કે. સિંઘ, ઓ.પી.માથુર, શ્રી અનિલ પ્રથમ સહિતના નિવૃત્ત ઉચ્ચ પોલીસ અધિકારીઓ તેમજ ગુજરાત પોલીસમાં સેવારત ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# "કમિશન આપો, ટેન્ડર મેળવો" ના ભાજપાના સૂત્રને સાર્થક કરતું વધુ એક કૌભાંડ સામે આવ્યું

"કમિશન આપો, ટેન્ડર મેળવો" ના ભાજપાના સૂત્રને સાર્થક કરતું વધુ એક કૌભાંડ સામે આવ્યું. "ચંદા દો... ધંધા લો..." ભાજપાના મોડેલનું સત્ય ઉજાગર કરતા કલોલ નગરપાલિકાના થપ્પડકાંડ અંગે આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ભાજપા શાસિત કલોલ નગરપાલિકાના કરોડો રૂપિયાના વિકાસ કામોના નામે ૧૫ ટકા કમિશનના વિવાદ હોવાનો સ્વિકાર ભાજપાના કારોબારીના અધ્યક્ષે સમૂહ માધ્યમના ઈન્ટરવ્યુમાં કર્યો છે. કલોલ નગરપાલિકામાં ૭ કરોડના વિકાસ કામમાં થવાના હતા પણ આ વિકાસ કામ સાથે કોનો કોનો વિકાસ થવાનો હતો ? કહેવાતી શિસ્તબધ્ધ પાર્ટીના દાવા કરતી ભાજપાનો ગળાડુબ ભ્રષ્ટાચાર, લૂંટના મોડલમાં ભાજપાના જ બે જૂથ વાંધો પડ્યો કે છૂટા હાથની મારામારી અને થપ્પડકાંડની ઘટના બની. જે કહેવાતી શિસ્તબધ્ધ પાર્ટીના અસલી ચહેરાને ખુલ્લો પાડી દીધો. ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં સમાવેશ થતી કલોલ નગરપાલિકામાં રીટેન્ડરીંગના નામે મોટો ખેલ ચાલી ગયો છે. ભાજપાના જૂથોના હિતના ટકરાવને કારણે ખૂલ્લેઆમ મારામારી ના દ્રશ્યો સમગ્ર ગુજરાતે જોયા. શહેરના વિકાસ થાય કે ન થાય ભાજપાના નેતાઓના વિકાસ પૂરપાટ ગતિએ થઈ રહ્યો છે. સમગ્ર રાજયની ભાજપા શાસિત નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓના વિકાસના નામે મોટા કાંડ અને કૌભાંડનો ભોગ સ્થાનિક નાગરિકો બની રહ્યાં છે. રાજ્યમાં ભાજપા શાસિત જુદી જુદી નગરપાલિકાઓનો દેવાળીયા વહિવટથી અનેક નગરપાલિકાઓમાં પાણી બિલ અને વિજ બિલ ન ભરવાના કારણે સ્થાનિક નાગરિકો મોટા પાયે પરેશાન થઈ રહ્યાં છે. ગાંધીનગર લોકસભાના સાંસદ અને કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીના મતક્ષેત્રની ભાજપા શાસિત નગરપાલિકામાં છુટા હાથની મારામારી અને થપ્પડ કાંડ અંગે ભાજપા કેમ મૌન ? ભાજપાના ભ્રષ્ટાચારના ભોરિંગે નિર્દોષ નાગરિકોના ભોગ લીધા. સુરત તક્ષશીલાકાંડ, વડોદરા હરણી બોટ કાંડ, મોરબી ઝુલતા પુલ કાંડ અને રાજકોટ ટી.આર.પી. ગેમ ઝોન અગ્નિકાંડે ભ્રષ્ટાચારમાં ગળાડુબ ભાજપા શાસકોના ભયમુક્ત ભ્રષ્ટાચાર ખુલ્લો પડયો જેનો ભોગ નિર્દોષ બાળકો અને નાગરિકો બન્યાં.

ગુજરાતમાં વિકાસના મોટા મોટા દાવા કરતી ભાજપ

**ભાજપા શાસિત કલોલ નગરપાલિકાના કરોડો રૂપિયાના વિકાસ કામોના નામે ૧૫ ટકા કમિશનના વિવાદ હોવાનો સ્વિકાર ભાજપાના કારોબારીના અધ્યક્ષે સમૂહ માધ્યમના ઈન્ટરવ્યુમાં કર્યો છે.**

**ગાંધીનગર લોકસભાના સાંસદ અને કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીના મતક્ષેત્રની ભાજપા શાસિત નગરપાલિકામાં છુટા હાથની મારામારી અને થપ્પડ કાંડ અંગે ભાજપા કેમ મૌન ?**

શાસનમાં કરોડો રૂપિયાના ભ્રષ્ટાચારને "કેગ" ઉજાગર કરે અથવા તો નામદાર વડી અદાલત ફટકાર લગાવે તેમ છતાં તંત્ર સુધરવાનું નામ લેતું નથી. રાજયની ૮ મહાનગરપાલિકા અને ૧૫૪ જેટલા નગરપાલિકામાં નળ, ગટર અને રસ્તા હેઠળ પાયાની સુવિધા માટે ટેક્ષ ભરતા શહેરી નાગરિકોએ સતત ફરિયાદો કરે છે પણ, ભાજપા શાસકો જવાબ આપતા નથી. ભાજપાએ જે રીતે કોઈ પણ વિકાસ કામ માટે કમલમ કમિશનની વ્યવસ્થા ઉભી કરી છે જેને લીધે શહેરી નાગરિકોની મૂળભુત ફરિયાદો પણ ધ્યાને લેવામાં આવતી નથી અને એટલે જ અનેક જગ્યાએ ભયમુક્ત ભ્રષ્ટાચારના ભોરીંગથી માનવસર્જિત આપત્તિ સર્જાય છે. જેનો તમામ નાગરિકો ભોગ બની રહ્યાં છે. તાજેતરમાં ભાજપાના ભ્રષ્ટાચારના મોડલથી સમગ્ર વડોદરા વાસીઓ ભોગ બન્યા જે ભાજપા શાસકોના અવ્વલ "વહીવટ-ભ્રષ્ટાચાર" નો વધુ એક નમૂનો છે.

કોંગ્રેસ પક્ષ માંગ કરે છે કે, રાજયમાં છેલ્લા ૧૫ વર્ષમાં ભાજપ શાસિત નગરપાલિકા, મહાનગરપાલિકા અન્ય સંસ્થાઓમાં વિકાસના નામે કરોડો રૂપિયાના ટેન્ડરો 'ચંદા દો... ધંધા લો...' ના સુનિયોજીત લૂંટ મોડલની પારદર્શક તપાસ કરવામાં આવે તો વિકાસ કોનો થયો ? તે ગુજરાત અને ગુજરાતીઓ સમક્ષ ખુલ્લુ પડશે.

# હાલો મેળે... ગુજરાતની લોક સંસ્કૃતિની ઝાંખી કરાવતા વિશ્વ વિખ્યાત તરણેતરના મેળાનો પ્રારંભ



સૌરાષ્ટ્રની લોક સંસ્કૃતિ સાથે મેળાનું વિશેષ મહત્વ છે. તહેવાર અને જન્મદિવસની જેમ સૌરાષ્ટ્રના મેળાની લોકો કાગડોળે વાટ જોતા હોય છે. સુરેન્દ્ર નગર જિલ્લાના થાનગઢ તાલુકામાં ત્રિનેત્રેશ્વર મહાદેવના સાંનિધ્યમાં યોજાતા જગવિખ્યાત તરણેતરના મેળાની આજથી શરૂઆત થઈ ચૂકી છે. ભાદરવા સુદ ત્રીજના દિવસે સવારે ૯:૩૦ થી મેળાનો આરંભ થઈ ચુક્યો છે. આજથી સતત ત્રાણ દિવસથી સુધી સૌરાષ્ટ્રમાં લોકો આ મેળાનો આનંદ માણશે.

મેળાનું નામ લેતાં મોટા-મોટા ચકડોળ, રમકડાંની દુકાનો, અવનવી ખાણી-પીણીની દુકાનો અને માનવ મહેરામણ નજરની સામે ફરવા લાગે છે. જોકે, તરણેતરનો મેળો આ બધી વાતોની સાથે પોતાના ઈતિહાસ અને પૌરાણિક કથાઓ અને ધાર્મિક મહત્વને લઈને પણ દેશ-દુનિયામાં પ્રખ્યાત છે.

ભાદરવા સુદ ત્રીજથી શરૂ થતાં આ મેળાનો આરંભ મહાદેવની પૂજા સાથે થાય છે. ત્યારબાદ ચોથના દિવસથી મેળાની અસલ રંગત જામે છે. રાસ, ગરબા, દુહા અને છંદની રમઝટ બોલાય છે. ટીટોડી અને હુડા રાસ આ મેળાની આગવી ઓળખ છે. છેલ્લે પાંચમના દિવસે સવારે ગંગા અવતરણ આરતી બાદ પાળિયાદના મહંત દ્વારા ત્રિનેત્રેશ્વર મહાદેવને બાવન ગજની ધજા ચડાવવામાં આવે છે. મેળાના છેલ્લા દિવસે મંદિરની ત્રણ દિશામાં આવેલાં કુંડામાં ન્હાવાનું ખાસ મહત્વ છે.

ગુજરાતની સંસ્કૃતિની ઝાંખી કરાવતી સ્પર્ધાઓ

આ વર્ષે તરણેતરના મેળામાં દર વખતની જેમ પારંપારિક સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ભરતગૂંથણ, વેશભૂષા, છત્રી સજાવટ જેવી આશરે ૨૪ જેવી સ્પર્ધાઓ યોજાઈ છે. આ ત્રણ દિવસના મેળામાં યોજવામાં આવેલી સ્પર્ધાઓ સમગ્ર સૌરાષ્ટ્રની ઝાંખી કરાવે છે.

થાનગઢ સ્ટેશનથી છ માઈલ દૂર આવેલા તરણેતરમાં આ મેળો ભરાય છે. જંગલમાં તરણેતરનું પ્રાચીન મંદિર છે. એમ કહેવાય છે કે વાસુકિ નાગની આ ભૂમિ છે. અહીં તરણેતર (ત્રિનેત્રેશ્વર) મહાદેવનું દસમા સૈકાનું કલાપૂર્ણ મંદિર છે. આ ભૂમિ દેવપાંચાલ તરીકે જાણીતી છે. અર્જુને અહીં મત્સ્યવેધ કરીને દ્રૌપદી સાથે લગ્ન કર્યા હતાં એવી લોકવાયકા છે. ત્રિનેત્રેશ્વર મહાદેવના મંદિરના નામ ઉપરથી આ ગામનું નામ અપભ્રંશ થઈને તરણેતર પડ્યું છે.

કોળણ સ્ત્રીઓનું મેળામાં ત્રણ તાળીના રાસ લેતી-ગાતી એક અનોખું આકર્ષણ ઊભું કરે છે. ભરવાડોના રાસમાં પણ ૩૦ થી ૬૦ પુરૂષો એક સાથે રાસડો લેતા જોવું એક આહ્લાદક દ્રશ્ય છે. આંખમાં સુરમો, માથે લાલા મદ્રાસીઆની આંટિયાળી ગોળ પાઘડી, પાઘડીમાં આભલાં ભરેલાં લીલા પટ્ટાનું બાંધણું અને વચ્ચો વચ રંગીલો હોય જે બે હાથમાં છત્રીઓ ઝુલાવતો હોય. અદ્ભુત રાસ સાથે તેમની રંગબેરંગી છત્રી પણ એટલી આકર્ષક હોય છે કે, નજર ત્યાંથી હટાવવી મુશ્કેલ બની જાય છે.




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
સાહિત્ય સરિતા-
આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS No - 354**
વિષય:- સપનાંની ભરમાર
શીર્ષક:- એક સ્વપ્ન
પ્રકાર:- પદ્ય   શબ્દ સંખ્યા:- ૯૦

શમણાંઓની વણઝાર ચાલી એક નવવધૂની સાથ ,
હાથોની મહેંદી, માથાની બિંદી બન્યા છે આજ સરતાજ .
ભાવિ સ્વપ્નાઓ, આદર્શ જીવન સિદ્ધાંતો કરશે એ સાકાર મનમાં એવો વિશ્વાસ ,
ક્યાં હતી ખબર એને, મૂક્યો જેનાં પર વિશ્ર્વાસ એ જ કરશે અધ્ધર એનાં શ્વાસ?
સ્વપ્નાઓ તૂટ્યા, આદર્શો છૂટયા ને છૂટયા સાથ સંગાથ ,
વ્યસન, વ્યભિચાર અને વહેમમાં જિંદગી થઈ દુશવાર
સ્વપ્ન આંજેલી આંખડીએ બચ્યું ના એકે સ્વપ્ન લગાર,
કરશે હવે શું એ બાપડી જીવતર બન્યું મહાસંગ્રામ.
શમણાંવિહોણી આંખડી એ ફરી મહેક્યું સ્વપ્ન જેણે આપી હિંમત તમામ,
ઊઠ, લડ અને બન પોતાનો તારણહાર એ જ સંદેશ મહાન.

રેશ્મા પટેલ "રેશમ"..સુરત

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**Nog SS. No- 162**
વિષય- સ્વપ્નો ની ભરમાર
શીષઁક- સ્વપ્ન નગરી
પ્રકાર - પધ , શબ્દ -૬૦

ખળખળતા નદીયોના નીર ત્યાં
ઘૂઘવતાં સાગરગંભીર સપનામા
આવે ભરમાર મારી આંખોની
બારીયે..
લીલીવનરાય મને દેખાય નીંદ
માં પ્રકૃતિના પા?ણ મને જીવન જગાડે સપના મા આવે ભરમાર
મને આંખોની બારીયે..
પહાડ પવઁત ની લાંબી હારમાળામાં ઉચા આકાશે વાતો કરતા વાદળની
સપના માં આવે ભરમાર મને આંખોની બારીયે..
ચાંદા સૂરજની જળહળતી ઉર્જાંના ફરફરતા પ્રકૃતિના પા?ણ સપનાં
મા આવે ભરમાર
મને આંખોની બારીયે..
વતનમાં માટીનું બનેલું ખોરડું
હતા દેશી નળીયા ગાર ગોરમટી
નુ લીંપણ સપના માં આવે ભરમાર મને આંખો ની બારીયે..

રેખા નાકરાણી...નવી મુંબઈ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No:351**
વિષય: સ્વપ્નની ભરમાર
શીર્ષક: સ્વપ્નના શમણા
પ્રકાર: પદ્ય
શબ્દ:૬૭
કહેવું હતું, પણ કહેવાય નહીં..
તું શબ્દ બનીને આવે છે,ને શમણા જગાડે છે...
નાહક પ્રેમ આંધળો કહેવાય છે..
તુ વિરહની રાતોમાં શમણા જગાડે છે ....
અહીં રોજ શબ્દ થી સપના જોવાય છે...
કહેવું હતું પણ, કહેવાય નહીં
ભીતર ને ભીતર અવરિત લાગણીઓ ધરબાઇ છે...
પાસે આવે છે અને દૂર જાય છે..
જ્યાં જોવ ત્યાં તું દેખાય છે...
આમને આમ શમણા જગાડે છે ...
કહેવું હતું પણ કહેવાય નહીં...

જયશ્રી વાઘેલા (મુંબઈ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No :-188**
વિષય :- સપનાંની ભરમાર
પ્રકાર :- પદ્ય
શીર્ષક :- ઝાકળ જેવાં સપનાં
શબ્દ :-૫૭

જાગતાં દેખું છું રોજ, એક નવું સ્વપ્ન.
પાંખ લગાવી આજ, માપી લઉં ગગન.

ખીલી ઊઠું આજ જાણે કોઈ સુમન,
બનીને શબનમ ચમકાવી દઉં ચમન.

મેઘધનુષના રંગ લઈ લઉં જરા ઉધાર,
ભાતભાતીલાં રંગોથી સજાવું ઉપવન.

કોઈની મહેકને શ્વાસોમાં ભરવા માટે,
મંદ મંદ અવિરત લહેરાતો બનું પવન.

ઝાકળ જેવાં સપનાં લઈને ફરતો હું,
પણ "વ્યોમ", છે પરપોટા જેવું જીવન.

?... વિનોદ. મો. સોલંકી "વ્યોમ"
જેટકો (જીઈબી), મુ. રાપર.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No:227**
વિષય: સપનાંની ભરમાર
શીર્ષક: સપનાંની વાત
પ્રકાર: પદ્ય
શબ્દ સંખ્યા: ૭૪

સપનાંની વાત
આટા પાટા ને ગુંચવાડામાં ફસાયાં,
સપનાં ના થયા અમારાં.
નરી આંખે આ જાગતી દુનિયામાં,
એવા સપનો માં ભરમાયાં.
રોજ નવી વાતોને રોજ નવા ચહેરા,
સપનામાં અમે તો જોયાં.
કહેવાય સવારના થાય સપનાં સાચાં,
છતાંય પૂરી ના કરી કામનાં.
હતી આશ ને કાંઇ કરવાની તમન્ના,
શિક્ષકના રૂપમાં અમે છવાયાં.
કેટલાય વ્યક્તિ સપનોમાં રોજ આવતાં,
એક પણ સામા ના દેખાયાં.
મોહમાયા ને મારા તારામાં થયા ઝઘડાં,
સપના સમાધાન પણ કરાવતાં.
બાળ બચ્ચાં ને શોર બકોરમાં,
સપનાં બધાં રુંધાયા.
હવે તો અમારી એક જ છે ઘેલછાં,
શેષ જીવનમાં થાય પુરા સપનાં.
સેજલ પટેલ (સેજસ્મી)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO : 366**
વિષય: સપનાંની ભરમાર
શીર્ષક: સરકી જશે સમય....
પ્રકાર: પદ્ય
શબ્દ સંખ્યા: ૧૦૦

સરકી જશે સમય હાથમાંથી રેતની જેમ
રહી જશે ઠાલા હાથ આવ્યા હતાં જેમ

જીંદગી ની ભરભારમાં જો ભટકી જશો
વાગી જરાં ઠેસ ને હારી જશો
તો પછી કેમનું જાળવી રાખશો ગુમાન?
સમય સાથે જાળવી રાખશો સ્વમાન?

કરી લો પરિશ્રમ જ્યાં સુધી સમયનો સૂર્યોદય છે
સૂર્યાસ્ત પછી શોધતા નહીં જડે ઉજાસ
એથી આ જ સમયને બનાવી હથિયાર
કરી બતાવો કે છો તમે પણ બહું જ ખાસ

કારણ સમયની ગતિનો નહીં મળે કોઈ ક્યાસ
એથી સમજી વિચારને ચાલો સમય સાથ.
મંજિલ ભૂલાવશે આ સપનાંઓની ભરમાર
રાખી મન પર કાબૂ 'સ્યાહી ' ખેડો જિંદગીનો ચાસ

યોગી ઉમા 'શબ્દ સ્યાહી'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG. SS No: 194**
વિષય : સપનાની ભરમાર
શીર્ષક : મારા શમણાં
પ્રકાર : પદ્ય, શબ્દ : ૧૧૯

" બાળપણથી જોતી હું નીત નવા શમણાં,
દિવસ આખું જે વિચાર્યું હોય,એ મળતું મને સપનામાં.

સુવર્ણપીછ આંખ ઉપર ફરતું, અને ઈચ્છાઓના ઢગલાને નજર સમક્ષ ફેરવતું,
પરીની વાતો અને આઈસ્ક્રીમના પહાડો, ચોકલેટના વૃક્ષો સંગ મન મસ્તીએ ખુબ કરતું.

ઉંમરની સાથે અનેક શોખ પોષાતા,ક્યારેક ચિત્રકાર તો વળી સાહિત્યકાર બનવાના સપના સેવાતા,
શિક્ષણને દીપાવી પગભર બનવાના, સ્વામાનભેર ખુદ્દારીથી જીવન જીવી, મારા નામને સાર્થક કરવાના,

જવાબદારી જ્યારે જીવનમાં આવી, કુટુંબને પ્રાધાન્ય આપી સંતાનથી જ હારવાના,
જીવનના કોઈ જ ક્ષેત્રમાં પાછા ન પડી, સ્વબળે પોતાનું નામ કરી સરસ જીવન જીવવાના..

સપનાની ભરમાર આપતું બળ, કે..કર અથાક પ્રયાસ એને છે પૂર્ણ કરવાના,
ખુશી છે આજે આ ઉંમરે,કે હજીયે ગમતીલા શમણાં જોઈ, એ પ્રયત્ન છે એને સાર્થક કરવાના. "

નામ : ખ્યાતિ જીગર દેસાઈ (અમદાવાદ )

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No-106**
વિષય-સ્વપ્નોની ભરમાર
શીર્ષક-" સાકાર ઝાંઝવાનાં જળ!"
શબ્દો-૨૩૭
ઊઘાડી આંખે, તો સપનાં અવિરત વહ્યા જ કરે છે!એને સાકાર કરવા ખૂબ મથામણ મહેનત પણ કરું છું! સ્વપ્નોને પકડવા,સાકાર કરવા એની પાછળ ભાગું છું,
દોડું છું, દોટ લગાવ્યા જ કરું છું.
ક્યારેક મલ્લાઈકા, ક્યારેક દીપિકા
ક્યારેક રેખા સાથે રાસ રચાવ્યા કરું છું!
ખુલ્લી આંખે સપના રચાવ્યા કરું છું!
બેંકોફ ઈન્ડિયામાં મેનેજર તરીકેની પંદર વર્ષની નોકરી પછી,
હું રિટાર્ય થયો હતો, અને નવરો ખાલી સમય પસાર કરતો હતો.
અચાનક એક દિવસ,
રાતના મને જોરદાર સપનું આવ્યું!
મારી પત્નિ, મને કહેતી હતી,"શું આમને આમ પડ્યા રહો છો?મૉબાઈલથી રમ્યા કરો છો! જુવોતો ખરા બાજુવાળાએ મર્સિડિસ ખરીદી"! મેં પણ હા-માં-હા મિલાવીને સૂઈ ગયો! આંખો બંધ થઈ, હું તો કામ શોધવા લાગ્યો,જોરદાર કામ મળી ગયું.શૉફર ડ્રીવન કાર સાથે બંગલો પગારમાં અઢળક પગાર!આસપાસ જીહજૂરિયાઓ અને હું રૂપાળી લલનાઓના સ્ક્રીન ટેસ્ટ લેતો હતો. બધી જ મારી સામે આવતી, નખરાં કરી જાતી હતી!બસ આવું ચાલ્યા જ કરતું હતું! આ કામનો મને અઢળક પગાર મળતાં જ હું,જાણે લોટરી લાગી હોય હું અમીર થઈ ગયો હોઉં એમ સૌને પૈસા વેંચવા લાગ્યો! ઊડાડવા લાગ્યો!-દૂધવાળાને વર્ષભરના,દારૂમાટે પૂરું ટેંકર લાવવા કહી દીધું!
પત્નીને સોનાના દાગીનાઓથી સજાવી દીધી!
અચાનક બૉમ્બાર્ટમેન્ટ થયું હોય,એવો ધડાકો થયો,હું સફાળો જાગી ગયો!
મારી પત્ની કર્કશ અવાજે બરાડતી હતી, " આ શું ઓશિકાં ફાડીને રૂ ઊડાડો છો તે?સૂરજ માથે ચડીગ્યો છે,બપોર થઈ ગયા છે,સૂતા શું છો? જાગો હવે!"

મુક્તિદા કુમાર 'રુપલી-

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG:SS:NO. : 142**
વિષય : "સ્વપ્નોની ભરમાર"
શીર્ષક : "ડૂબતા વહાણ"
શબ્દો : ૧૫૦

સ્વપ્નો કરતા હવે જવાબદારી વધવા લાગી છે, ત્યારે હવે અમે જવાબદારીને સ્વપ્નો બનાવી દીધા છે. મજબૂરીમાં કરાતી મજૂરી અને અમુક અમારી ફરજોને અમે કાલ્પનિક રીતે "શોખ" નામ આપીને વાસ્તવિકતામાં પૂર્ણ થતા "સ્વપ્નો" બનાવ્યા છે. એક સમયે માબાપ સામે જીદ કરવાથી પૂરી થઈ જતી, એજ નાની-નાની ઈચ્છાઓ સ્વપ્નો બનીને પ્રભુ સામે આજીજી કરવા છતાંય પૂર્ણ થતી નથી.

કાલ્પનિક સરોવર, ભર્યા સ્વપ્નોના ઝાઝા,
હતા હકીકતમાં, એ સૌ શૂન્ય અવકાશ.

તારાઓ જેટલી જવાબદારીઓ સામે ક્યાંક વીજળી જેવી ઈચ્છા આવે ને તરતજ ગાયબ. સ્વપ્નનો ઊંગેલો સૂરજ બે પ્રહર થતા જ આથમવા લાગે છે. તરતી મુકેલી એ સ્વપ્નની નાવ, થોડાક સમયમાંજ ડૂબવા લાગે છે.
ત્યારે હવે હૈયું એમ કહે છે કે,

મને આટલો જ રહેવા દે બસ.
ઓ પ્રભુ મને આવડોજ રહેવા દે બસ.

સ્વપ્નો હોમી, ને કરી પૂરી ફરજો,
તોયે જિંદગીમાં ના મળ્યો જશ. ઓ પ્રભુ મને...

કચડાયો કષ્ટે, ને લાગણીએ નિચોવ્યો,
હવે ક્યાંથી નીતરે, કુંચામાંથી કસ. ઓ પ્રભુ મને...

શૈલેષ ભોઈ "શૈલ"

## ગઝલ આસ્વાદ

હતું એ રૂપાળું પણ ગયું   બસોને નવાણું પણ ગયું
હતી એક ખાલી ઓરડી   અરે જીવવાનું પણ ગયું

છે ક્યાં લાગણીનો ભેજ પણ   સળગતું રૂંવાડું પણ ગયું
સિતારા ને ચાંદ પણ ના મળે   હતું જે ઉજાળું પણ ગયું

રમત પ્રેમની રમતા 'તા એ   કરેલું કુંડાળું પણ ગયું
લખેલો એ કાગળ ક્યાં ગયો   લો જીવન નનામું પણ ગયું

લે સપના રડી લે ખૂબ તું   જૂનું એ સરનામું પણ ગયું
સપના વિજાપુરા

આજની આ ગઝલ કદાચ તમને ના સમજાય પણ મારે માટે અંતરનો અવાજ છે. હું જાન્યુઆરી માં ભારત ગઈ હતી. અને જે ઘર મારા પપ્પાએ અમારા માટે બનાવેલું તેને મેં જમીનદોસ્ત થયેલું જોયું. ઘણી લાગણીઓ ઊભરાઈ આવી. એક સાથે કિશોરાવસ્થા અને જવાની ડોકાઈ આવી. હું જ્યારે કૉલેજના પહેલા વર્ષમાં
આવી ત્યારે અમે ૨૯૯ બંગલામાં રહેવા ગયાં હતાં. પપ્પા દીકરીઓને ખૂબ ચાહે. અમે છ બહેનો અને બે ભાઈ પણ જ્યારે ૨૯૯ માં રહેવા ગયાં ત્યારે ત્રણ જ બહેનો પપ્પાની સાથે હતી. ત્રણ ના લગ્ન થઈ ગયેલા. એટલે પપ્પા અમને ત્રણ ને પૂછીને દરેક વસ્તુની પસંદગી કરે! જેમકે ક્યાં રૂમમાં કઈ લાદી નાખવી, રસોડું કેવું બનાવવું, ડાઈનિંગ ટેબલ કેવો જોઈએ, બગીચામાં ક્યાં ફૂલ,ફળ વાવવાં. આ ૨૯૯ એમની જાન બની ગયો હતો. અને અમે ત્યાં રહેવાં ગયાં. ત્રણ બેડરૂમ એક ડ્રોઈંગ રૂમ ડાઈનિંગ રૂમ કિચન વરંડા હોલવે અને ઉપર અગાશી અને એક સ્ટોર રૂમ!! બસ આ ઘરમાં પપ્પાનો આખો
સંસાર સમાઈ ગયો હતો.અમે સાત જણા ખુશી ખુશી આ ઘરમાં રહેવાં લાગ્યાં.

કૉલેજનું પહેલું વર્ષ સરસ પસાર થયું. સાયન્સની વિદ્યાર્થીની એટલે ભણવામાં ખૂબ ધ્યાન આપવું પડે. બધું શાંતિથી ચાલી રહ્યું હતું. રોજ સાંજે શેરીની છોકરીઓ સાથે ખો ખો, આંધળીયો પોતલળીઓ રમવુ, શેરીની છોકરીઓને ટ્યુશન આપવુ. લાયબ્રેરીમા જઈ પુસ્તકો નો ઢગલો લઈ આવવો પછી ગરમ
બપોરમાં પંખા નીચે સૂઈ પુસ્તકો વાંચવાં. આ ઘર દિવસે દિવસે વધારે ને વધારે વહાલું થતું જતું હતું. બગીચો હવે ખૂબ મહેકી ગયો હતો. રાતરાણી, સાચાં ગુલાબ અને ચંપો મારા બગીચાને મહેકાવા માટે પૂરતાં હતાં. જાસુદ, બોગનવેલ અને પારિજાત બગીચાને રંગ આપી રહ્યાં હતા. નાળિયેરી, કેળા, અને પપૈયા ફળ આપી રહ્યાં હતાં.પપ્પા રોજ સવારે બધા છોડને પાણી આપે અને પ્રેમથી એને પ્રસારે. એક એક ફૂલ સાથે વાતો કરે. બા પણ પપ્પા પાછળ ફરી પપ્પાને મદદ કરે. સવારના સાત વાગ્યાથી લગભગ નવ વાગયાં સુધી આ કામ કરતાં .
બા મારા એકદમ સાદા સીધા અને સરળ. અમે બહેનો ખૂબ ચાલાક બાને એક મિનિટ માં છેતરી પાડીએ. પણ બા હંમેશા પ્રેમભરી નજરથી અમને જોયા કરે. બા ને અસ્થમાની બીમારી હતી આઠ આઠ બાળકો પાછળ બાએ જાત ઘસી નાખી હતી હું કૉલેજ ના બીજા વર્ષમાં આવી ત્યારે મારાથી મોટી બહેન ચોથા વર્ષમાં
હતી. બીજી જાતિના છોકરા સાથે પ્રેમમાં હતી પણ છોકરો દગો દઈ ગયો અને બેને આત્મહત્યા કરી. એ પહેલો આઘાત હતો ૨૯૯ ને! અમને પણ!! બહેન નો જનાજો એ ઘરમાંથી ઊઠ્યો। બા પપ્પાની તબિયત કથળી ગઈ.

મારા લગ્ન થયા. પણ ત્યાર પછી ઘરમાં એક યા બીજા બહાને કકળાટ જ રહ્યો। બધા કહે ઘર ફળ્યું નહિ. હા કદાચ. ના ફળ્યું! પણ પપ્પાએ તો પૂરતી મહેનત કરી હતી અમને સુખી કરવાની! નાની બહેનના પણ લગ્ન થઈ ગયા. બંને ભાઈના પણ લગ્ન થઈ ગયા. બંને ભાઈઓએ પોતાના બંગલા બનાવી લીધા!! અને
બા પપ્પા એકલા રહી ગયા. છેવટે બા પડી ગયા અને પથારીવશ થયા. ઘર છોડવાનો વારો આવ્યો. હવે ૨૯૯ ખંડેર થઈ ગયું હતું. બંને ભાઈઓએ માબાપને વહેંચી લીધા!! ઘર પાંચ બહેનોને નામે થઈ ગયું! પણ બહેનોએ બે ભાઈને પણ ભાગ આપવો એવું નક્કી કર્યું. નાના ભાઈએ જવાબદારી લઈ ૨૯૯ વેચી નાખ્યો. જ્યાં શોપિંગ સેન્ટર બનશે. પણ હું ૨૯૯ ની જગ્યાએ મેદાન જોઈને આવી. પપ્પાનો માળો આમ વિખેરાય ગયો. એક એક તણખલું લઈને જેને બાંધ્યો હતો. હવે પપ્પાના બધા અરમાન એક મેદાન બની ગયા હતા. જ્યાં હવે રાતરાણી, ગુલાબ કે ચંપો મહેકતાં નથી. જ્યાં હવે બોગનવેલ નમીને સલામ કરતી નથી. જ્યાં
નાળિયેરી દીકરીઓની રાહ જોતી નથી. જ્યાં પપ્પા પપ્પા , બા બા નો કલરવ સંભળાતો નથી. બસ એક સૂનું મેદાન છે. હું ક્યાંય સુધી એ ખુલ્લા મેદાનમાં પપ્પાનાં પગલાં શોધી રહી
સપના વિજાપુરા

## વિમેદારને ક્લેમ દેતાં સમયે મનમાની કરતી ભારતી અક્સા હેલ્થ વિમા કંપનીને ગ્રાહક સુરક્ષા કોર્ટની ફટકાર

ભારતી અકસા હેલ્થ ઈન્સ્યુરન્સ વીમા કંપનીએ સુરતમાં સારવાર કરાવનાર ગ્રાહક સંજુ ગોયલને તેમના પોતાની સારવારનો ચુકવવા પાત્ર હેલ્થ વિમાનો કલેઈમ નહિ ચૂકવી કલેમના રૂપિયા દેવા માંથી છટકી ગઈ હતી. પોલીસીની શરતો પ્રમાણે જ ક્લેમ ના મંજૂર કરેલ છે તેમ કંપનીનો બચાવ હતો.હકીકતે કંપનીએ ક્લેમ નહિ દેવાના મલિન ઈરાદાથી પોલીસની શરતોનું ખોટું અર્થઘટન ક્લેમ નમંજુરી પત્રમાં કરેલ હતું. ક્લેમ દેતાં સમયે વિમા કંપનીઓ પોલિસીની શરતોનું ખોટું અર્થઘટન બતાવી ક્લેમ દેવા માંથી છટકી જાય છે તેવું વારંવાર જોવા મળે છે. અને વિમા પ્રીમિયમ લીધા પછી પણ ક્લેમ ચૂકવતી નથી. આ કેસમાં ગ્રાહકને તેની રજૂઆત સાંભળેલ નહિ અને વિમા કંપનીએ મનમાની કરી ગ્રાહકને ક્લેમ આપવાની ના પાડેલ હતી. ત્યાર બાદ ગ્રાહક સુરક્ષા ફોરમ સુરતમાં કેસ દાખલ કરાયેલો. જિલ્લાના જાણીતા અને ગ્રાહક સુરક્ષા કેસના સ્પેસિયાલિસ્ટ એડવોકેટ શ્રી બેલા ગિરનારા દ્વારા આ કેસ રજૂ કરવામાં અને લડવામાં આવેલ અને નામદાર ગ્રાહક સુરક્ષા કોર્ટ દ્વારા ફરિયાદીને રૂ,૪,૧૨,૧૮૭/- વાર્ષિક ૯ ટકાના વ્યાજ સાથે તથા માનસિક ત્રાસ તેમજ લીગલ ખર્ચ પેટે કુલ રૂ.૮૦૦૦/- ચૂકવવાનો ગ્રાહક લક્ષી હુકમ કરેલ છે. નામદાર ગ્રાહક સુરક્ષા કોર્ટે આ ચુકાદો આપવામાં ૫ વર્ષ જેટલો લાંબો સમય લીધેલ છે.પરંતુ છેવટે ગ્રાહકને ન્યાય મળ્યો છે તે હકીકતથી ગ્રાહકને રાહત મળેલ છે.

# નિરમા યુનિવર્સિટીના અંશવ મહેશ્વરીને ભારતના શ્રેષ્ઠ ડિઝાઇન વિદ્યાર્થી ૨૦૨૪નો એવોર્ડ મળ્યો



નિરમા યુનિવર્સિટીના ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઇન ખાતે બેચલર ઑફ ડિઝાઇન પ્રોગ્રામની બેચ ૨૦૨૦-૨૦૨૪ના વિદ્યાર્થી અંશવ મહેશ્વરીને ભારતના શ્રેષ્ઠ ડિઝાઇન વિદ્યાર્થી ૨૦૨૪ના પ્રતિષ્ઠિત એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. ડિઝાઇનઇન્ડિયા દ્વારા ભારતના શ્રેષ્ઠ ડિઝાઇન એવોર્ડ્સ ૨૦૨૪ના ભાગરૂપે આયોજિત આ ઇવેન્ટ , 'હ્યુમેન' શીર્ષક, ૩૧મી ઓગસ્ટે પુણેના રિટ્ઝ કાર્લટન ખાતે યોજાઈ હતી.પ્રોડક્ટ ડિઝાઇન, કોમ્યુનિકેશન ડિઝાઇન, ડિજિટલ ડિઝાઇન અને અવકાશી ડિઝાઇન જેવી કેટેગરીઝમાં ફેલાયેલી ભારતભરની ડિઝાઇન સ્કૂલમાંથી ૧૦૦ સ્પર્ધકોના પૂલમાંથી પસંદ કરાયેલા ૧૯ પુરસ્કારોમાંથી અંશવ એક હતો. તેમની રજૂઆત, જેમાં ચાર નવીન પ્રોજેક્ટ દર્શાવવામાં આવ્યા હતા, ૧૬ વિષય નિષ્ણાતોની પેનલ દ્વારા કાળજીપૂર્વક મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. તેમની અસાધારણ ડિઝાઇન કૌશલ્ય અને સર્જનાત્મક અભિગમે તેમને આ નોંધપાત્ર રાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત કરી.

મહેશ્વરીના પ્રદર્શિત પ્રોજેક્ટ્સમાં નીચેની બાબતો સામેલ હતી:

- કન્ટિન્યુઅસ: લાકડાના જોડાણની સુંદરતાની ઉજવણી કરતી કોફી ટેબલ બુક.
- ધાતુ: ધાતુ પર સપાટીની સમાપ્તિની શ્રેણી.
- ફ્લેર: એક સંકલિત સંચાર પ્રણાલી સાથે સ્માર્ટ અગ્નિશામક યુનિફોર્મ.
- પ્રુડેન્ટ: ભારતીય સંદર્ભમાં ટુ-વ્હીલર માટે તૈયાર કરાયેલ ઓછી કિંમતનું ક્રેશ ડિટેક્શન ડિવાઇસ.

આમાંના દરેક પ્રોજેક્ટે ડિઝાઇન પડકારોનો સામનો કર્યો હતો, જે માત્ર તેની તકનીકી કૌશલ્ય જ નહીં પરંતુ વપરાશકર્તા-કેન્દ્રિત ડિઝાઇનની ઊંડી સમજ પણ દર્શાવે છે. મહેશ્વરીના કાર્યની તેની મૌલિકતા, કાર્યક્ષમતા અને આધુનિક ડિઝાઇન વલણો સાથે સુસંગતતા માટે પ્રશંસા કરવામાં આવી હતી, જે વિશાળ પ્રેક્ષકો માટે આકર્ષક વાતાવરણ ઊભું થયું હતું.

પ્રો. સંગીતા શ્રોફ, નિરમા યુનિવર્સિટીમાં ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઇનના ડીન અને ડિરેક્ટર, પણ એવોર્ડ માટે જ્યુરી સભ્ય તરીકે સેવા આપી હતી. આ સન્માન નિરમા યુનિવર્સિટીમાં ડિઝાઇનના વિદ્યાર્થીઓ માટે પોષક વાતાવરણને હાઈલાઈટ કરે છે, જે ડિઝાઈનના ક્ષેત્રમાં ટોચની પ્રતિભા વિકસાવવામાં સંસ્થાની ભૂમિકા પર ભાર મૂકે છે.

# વરસાદ ની સચોટ આગાહી કરનાર અંબાલાલ પટેલ ને ઓળખો છો?

હમણાં હમણાં થોડા સમયથી અંબાલાલ પટેલ ખુબ ચર્ચામાં છે. અંબાલાલનું પુરુ નામ અંબાલાલ દામોદરદાસ પટેલ છે. અંબાલાલ અમદાવાદના દેત્રોજ તાલુકાના રૂદાતલ ગામના છે. અંબાલાલની પત્નીનું નામ ગૌરી બેન છે. અંબાલાલને બે દીકરા અને એક દીકરી છે. અંબાલાલના મોટા દીકરા રાજેન્દ્રભાઈ પહેલા અમેરિકા હતા. હમણાં એક હોસ્પિટલ ચલાવે છે નાના દીકરા સતીશ પટેલ માસ્ટર ઓફ ઈન્ફરોમેશન ટેક્નોલોજીનો કોર્ષ કરેલો છે. હાલ ઓસ્ટ્રેલિયામા પોતાનો બિઝનેસ કરે છે. અંબાલાલની દીકરી પણ ડોક્ટર છે. અંબાલાલનો વારસાગત ધંધો ખેતી છે. અંબાલાલે આણંદની એગ્રીકલ્ચર કોલેજમાંથી કૃષી સ્નાતકની પદવી મેળવેલ છે. અંબાલાલ બીજ પ્રમાણન એજન્સીમા આસિસ્ટન્ટ ડાયરેક્ટર પદે છે.

આ અંબાલાલ હમણાં હમણાં વરસાદની સચોટ આગાહીના કારણે ચર્ચામાં આવ્યા છે. અંબાલાલે હવામાન નિષ્ણાંતની કોઈ ડિગ્રી મેળવેલ નથી. છતાં આખા ગુજરાતમા વરસાદની સચોટ આગાહી કરીને આપણે બધાને આશ્રયચકિત કરી દીધા છે.અંબાલાલ બીજ પ્રમાણન એજન્સીની નોકરી દરમિયાન ફરજના ભાગરૂપે જુદા જુદા ગામોમાં અલગ અલગ ખેડૂતોને મળતા હતા. મુળ અંબાલાલ ખેડૂત પુત્ર એમને વરસાદ હવામાન ખેતી પાકો વિશે થોડી જાણકારી હતી. અંબાલાલ ખેડુતોની મુલાકાત દરમિયાન વિચારતા હતા કે ખેડુતોને હવામાન વરસાદ વિશે આગોતરી માહિતી મળે તો એ માહિતી ખેડુતોને ખુબ ઉપયોગી



થાય એમ છે અંબાલાલ સતત મનોમંથન કરતા રહ્યા. અંતે અંબાલાલ સફળ થયા. અંબાલાલની માહિતી ખેડુતો માટે આશીર્વાદરૂપ બની. કેશુભાઈ પટેલ નરેન્દ્ર મોદી પણ હવામાનનો વરતારો જાણવા અંબાલાલ સાથે ચર્ચા કરતા

હતા.અંબાલાલે ખેડુતોને બદલાતા હવામાનની માહિતી આપવા ખુબ જ મહેનત કરી છે.

અંબાલાલે મેઘ મહોદય પ્રાચીન વર્ષા વિજ્ઞાન વારાહી સંહિતા બૃહદ સંહિતા ભદ્રબાહુ સંહિતા આરંભ સિદ્ધિ સૂર્ય ગણિત ખગોળ ગણિત ગ્રહણ ગણિત ]હદ્ઞ્ક્ષૈઅદ્ર??સઁવતરી કુંડળી ચોમાસાના વ્રતારાનો કોહિનૂર દેશી વાયુ ચક્ર જેવા અનેક પુસ્તકોમાંથી જોઈતી માહિતી મેળવી. અંબાલાલની આગાહીઓ સંદેશ જન્મભૂમિ મુંબઈ સમાચાર જી. ટી. પી એલ. દૂરદર્શન ન્યુઝ ૧૮.વી. આર.લાઈવ. વી. ટી. વી ચેનલો પણ કરવા માંડતા અંબાલાલ સમગ્ર ગુજરાતમા જાણીતા બન્યા છેઅંબાલાલ હોળીની જ્વાળાઓ પરથી પણ હવામાનની આગાહી કરી શકે છે. તમને કદાચ ખબર નહીં હોય આ આ હવામાન નિષ્ણાંત અંબાલાલની ભૂકંપની આગાહી કરવા બદલ ગુજરાત સરકારે ધરપકડ પણ કરી હતી. સરકારે ધરપકડ માટે કારણ આપ્યું હતું કે વૈજ્ઞાનિક પુરાવા વગર ભૂકંપની આગાહી થઈ શકે નહીં. જો કે ભૂકંપની અંબાલાલની આગાહી સાચી પડતા સરકારે અંબાલાલને છોડવા પડ્યા હતા.

હવામાનની આગાહી તો માનવ જાત માટે આશીર્વાદ છે. અંબાલાલ આ સેવાલક્ષી કાર્ય આજીવન કરવા માંગે છે.

અંબાલાલની તાજી આગાહી એ છે કે ગુજરાતમા ૫ થી ૧૦ સપ્ટેમ્બર ભારે અતિભારે વરસાદ થઈ શકે છે. ગણેશ મંડળો સાવધાન

આવા અનન્ય એકમેવ અણમોલ અંબાલાલને ભારત સરકારે " ભારત રત્ન "એવોર્ડ આપી સન્માન કરવું જોઈએ.

અબ્બાસભાઈ સીરાજભાઈ કૌકાવાલા

સુરત




ભાવનગરના જાણીતા ફોટોગ્રાફર ને ટ્રાફિક ટ્રેનર દ્વારા રોડ પર થતા અકસ્માતો માટે હંમેશા તત્પર રહેતા હોય છે આ માટે તેઓને સરકાર દ્વારા અનેકવિધ એવોર્ડ મળી ચૂક્યા છે અકસ્માતમાં ઘાયલ થનાર લોકોને માટે એ અવારનવાર રક્તદાન પણ કરતા હોય છે તેઓ દ્વારા રસ્તામાં અકસ્માત થતા હોય ત્યારે લોકોને તાત્કાલિક સારવાર મળી રહે એ માટે તેઓ ફસ્ટએઈડ કીટ સાથે રાખતા હોય છે તેઓને વિચાર આવ્યો કે મારી જેમ બીજા પાસે પણ આવી કીટ હોય તો બીજા લોકોને પણ તાત્કાલિક સારવાર મળી રહે એ હેતુથી તેઓએ આ અભિયાન શરૂ કરીને ભાવનગરના પૂર્વ મેયર શ્રી મેહુલભાઈ વડોદરિયા ને આ કીટ ભાવનગરના પોલીસ અધિક્ષક શ્રી ડો. હર્ષદ પટેલ સાહેબના હસ્તે આ કીટ આપવામાં આવી અજય જાડેજા દ્વારા આવી ૧૦૦૦ કીટ ભાવનગર જિલ્લામાં લોકોને આપવામાં આવશે

# બરવાળા તાલુકામાં આંગણવાડી કેન્દ્રો પર પોષણ માહની ઉજવણી અન્વયે વૃક્ષારોપણ કરવામાં આવ્યું




વૃક્ષો એટલે છાયા અને શીતળતા, સૌંદર્ય અને સમૃધ્ધિ, સંપત્તિ અને પરિતૃપ્તિ, રંગબરંગી પક્ષીઓ, મોહક પતંગિયા, અવનવા કીટકો અને પ્રાણીઓથી રચાતું અનુપમ વિશ્વ. વેદો અને ઉપનિષદોના કાળથી આપણી સંસ્કૃતિ અને આપણા જીવનના અવિભાજ્ય અંગ હોય એ વૃક્ષોના મહત્વ વિશે ભાગ્યે જ કોઇ સ્પષ્ટતાની જરૂર હોઇ શકે. વૃક્ષો અન્યના સુખને માટે છાંયડો આપે છે. પોતે તાપમાં તપીને અને અસહ્ય ગરમી વેઠીને બીજાને પોતાનાં ફળ આપે છે. તેવી જ રીતે એક માતા અસંખ્ય વેદનાઓ વેઠીને તેના સંતાનોને સુખનો છાયડો આપે છે. એક પેડ મા કે નામ અભિયાનની સાથે પોષણ માહ અભિયાનને આવરીને બોટાદ જિલ્લામાં ઉજવણી કરવામાં આવી રહી છે.જેના ભાગ રૂપે બરવાળા તાલુકામાં આંગણવાડી કેન્દ્રો પર પોષણ માહની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ×એક પેડ મા કે નામ× અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. તેમજ ગ્રામ જનોને ઘરે ઘરે વૃક્ષો વાવીને પર્યાવરણ અને સ્વાસ્થ્યના રક્ષણ માટે પ્રેરિત કરવામાં આવ્યાં હતાં. સાથે સાથે સ્વચ્છતા અંગે પણ જાગૃત કરવામાં આવ્યાં હતાં. આ તકે બરવાળા ગામના દરેક આંગણવાડી કેન્દ્રનાં સભ્યો તેમજ મહિલાઓ અને બાળાઓ હાજર રહીને વૃક્ષારોપણ કાર્યક્રમમાં સહભાગી થયાં હતાં.



શ્રી શિવશક્તિ પરિવાર ખોરજ દ્વારા આયોજિત શ્રી શિવશક્તિ પગપાળા યાત્રા સંઘ ૦૮ સપ્ટેમ્બર ના રોજ અંબાજી ધામ તરફ પ્રયાણ કરશે. જે અંતર્ગત શોભાયાત્રા, ધજા પૂજા તેમજ ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું. આ અવસરે મેયરશ્રી મીરાબેન પટેલ એ ઉપસ્થિત રહી માતાજીના દર્શન કરીને સર્વે પદયાત્રીઓની યાત્રા સારી રીતે પૂર્ણ થાય અને તેઓની મંગલ મનોકામના પૂર્ણ થાય તેવી શુભકામનાઓ પાઠવી હતી.



ગતરોજ દશેલા ગામ ખાતે અંદાજિત ૫૦ ફૂટ ઊંડા કૂવામાં ગાય પડી ગઈ હતી. જેને બચાવવા માટે ફાયર વિભાગને જાણ કરતા ફાયર ટીમ તાત્કાલિક રવાના થઈ હતી. આ રેસ્ક્યુ દરમિયાન ફાયરમેન પ્રવિણસિંહને સાપ કરડ્યો હતો. ત્યારબાદ તાત્કાલિક તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે દાખલ કરવામાં આવેલ. જેની મેયરશ્રી મીરાબેન પટેલ ને જાણ થતા આજરોજ તેમની મુલાકાત લઈને ખબર અંતર પૂછ્યા તેમજ ડોક્ટર સહિત સ્ટાફને સારી સારવાર પૂરી પાડવા સૂચના આપી હતી.

# ટાટમ શાળામાં શિક્ષકદિનની ઉજવણી યાદગાર રહી.શાળાનાં વયનિવૃત થતા શિક્ષક દ્વારા રૂ.૧૦૦૦૦૦ /- અર્પણ કરાયાં




ન્યૂઝ ઓફ ગાંધીનગર: ભાવેશ પરમાર (બોટાદ)

ટાટમ કે.વ.શાળામાં શિક્ષકદિનની વિશેષ ઉજવણી કરવામાં આવી.શિક્ષકોને આદર આપવા માટે દર વર્ષે ૫ સપ્ટેમ્બરના રોજ શિક્ષક દિવસની (્રકૈંટરી઼િજ ઙ્કઅ) ઉજવણી કરવામાં આવે છે. દેશના શિક્ષકો માટે આદર અને સન્માનનો દિવસ છે. શિક્ષક, વિદ્વાન અને ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ અને બીજા રાષ્ટ્રપતિ ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણનની જયંતી સમગ્ર દેશ શિક્ષકદિવસ તરીકે ઉત્સાહથી ઉજવી રહ્યો છે.જેમાં અમારી શાળાનાં પણ ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ આજે શિક્ષકની ભૂમિકા ભજવી હતી.જેમાં શાળાના આચાર્ય અને શિક્ષકોએ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.સાથો સાથ આજ શાળાના શિક્ષિકા બહેન શ્રી મુમતાજબેન જી.વોરા ૩૧/૦૫/૨૦૨૪ ના રોજ વય નિવૃત થતા શાળાને રૂ. ૧૦૦૦૦૦/-સપ્રેમ ભેટનો સદ્ઉપયોગ કરી પાણીના પરબનું ઉદ્ઘાટન તેમના વરદ હસ્તે કર્યું.

# સિવિલમાં રાત્રે વિઝિટે આવેલા સિનિયર તબીબ સાથે સિક્યોરિટીએ તોછડું વર્તન કરતાં બબાલ

તમારા કારણે બીજા દર્દીઓને પણ ગાડી લઇને અંદર જવા દેવા પડ્યા તેમ ગત રાત્રે વિઝીટમાં આવેલા એક સિનિયર તબીબને ફરજ ઉપરના સિક્યુરિટી જવાને જવાબ આપ્યો હતો. જોકે તબીબે જતી વખતે પોતાનું આઇ કાર્ડ બતાવ્યું હોવા છતાં સિક્યુરિટી જવાન પોતાની ફરજ ભૂલતા સિનિયર તબીબે તારે બીજા વ્યક્તિઓને કેમ જવા દેવા જોઇએ. બીજા દર્દીઓ ગાડી લઇને અંદર ગયા તો તેમને જવા દેવા કે નહી તે તમારું કામ છે. ત્યારબાદ સિનિયર તબીબે રાત્રે જ સિક્યુરિટીના કોન્ટ્રાક્ટરનો ટેલિફોનિક જાણ કરીને સિક્યુરિટી જવાનોને તાલીમ આપવા જણાવ્યું હોવાની ચર્ચા સિવિલ હોસ્પિટલના કર્મચારીઓમાં જોવા મળતી હતી.ગુજરાત મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ટ્રાફિક સમસ્યાને નાથવા માટે સિક્યુરીટી પોઇન્ટ મુકવામાં આવ્યો છે. ઉપરાંત કોઇપણ વ્યક્તિ કે કર્મચારીને ગાડી લઇને ઇમરજન્સી સહિત કોઇપણ વિસ્તારમાં જવા નહી દેવાનો નિર્ણય કર્યો છે. તેના માટે સિક્યુરિટી પોઇન્ટની પાછળ ટુ, થ્રી અને ફોર વ્હિલર વાહનના પાર્કિંગ માટે વ્યવસ્થા કરવામાં આવી છે. ઉપરાંત સિવિલ હોસ્પિટલના કર્મચારીઓના વાહનોના પાર્કિંગ માટે પણ વ્યવસ્થા કરવામાં આવી છે. ત્યારે બુધવારની રાત્રે સિવિલ હોસ્પિટલમાં ઇન્ડોર દર્દીઓની વિઝીટ માટે એક સિનિયર તબીબ પોતાની ખાનગી કાર લઇને આવ્યા હતા. જોકે તેઓને કાર લઇને અંદર નહી જવા માટે ફરજ ઉપરના સિક્યુરિટી જવાને રોકતા તેમણે પોતાનું ઓળખકાર્ડ બતાવતા સિક્યુરિટી જવાને તેમને જવા દીધા હતા.

# બોટાદની શાળા નં.૨૫ ના શિક્ષકનો વાંચન સુધારવા ઇન્નોવેટીવ પ્રયોગ !

ન્યૂઝ ઓફ ગાંધીનગર: ભાવેશ પરમાર (બોટાદ)

બોટાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત તુલસીનગર વિસ્તારમાં આવેલી શ્રી લાલબહાદુર શાસ્ત્રી શાળા નં.૨૫ ના શિક્ષક શ્રી નટવરભાઈ કણજરિયાએ પોતાના વર્ગનાં બાળકોમાં વાંચનદોષો સુધારવા મોબાઈલના માધ્યમથી સરસ ઇન્નોવેટીવ પ્રયોગ કર્યો હતો.બાળકોને શાળાએથી આવ્યા



બાદ ઘરે વાલીઓ વંચાવે અને તેની વીડિયો ક્લિપ શિક્ષકને મોકલે, શિક્ષક આ ક્લિપ આધારે શાળામાં વાંચનદોષ - ઉચ્ચારદોષ સુધારી વાંચનમાં નિપુણ બનાવે. એક માસ સુધી ચાલેલા આ પ્રયોગને ભારે સફળતા મળી હતી.છેલ્લે આ બાળકોનાં વાલીઓને શાળાએ બોલાવી તેમના હસ્તે જ આ બાળકોનું સન્માન કરાવી ઈનામ આપ્યાં હતાં.આચાર્ય શ્રી હરેશભાઈ ભોજકે અને વાલીઓએ શ્રી નટવરભાઈને ખાસ અભિનંદન પાઠવ્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.